**ધો.10 એસ.એસ.સી. પરીક્ષા - 2022**

ક્રમાંક:-મઉમશબ/માધ્યમિક/પરીક્ષા-2022/ 1466
ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ, માધ્યમિક વિભાગ
સેકટર-10/બી, સચિવાલય પાસે, ગાંધીનગર.
તા:- 20/11/2021

પ્રતિ,
આચાર્યશ્રીઓ, માધ્યમિક શાળાઓ અને
પ્રધાનાચાર્યશ્રીઓ, સંસ્કૃત પાઠશાળાઓ તમામ,
ગુજરાત રાજ્ય.

<u>વિષય:-</u> માર્ચ-2022ની ધો.10ની એસ.એસ.સી. પરીક્ષાના આવેદનપત્રો Online ભરવા અંગેની તૈયારી કરવા અને જરૂરી સૂચનાઓ અંગે.

મહાશય,

આથી રાજ્યની નોંધાયેલી માધ્યમિક શળાઓના આચાર્યશ્રીઓ, સંસ્કૃત પાઠશાળાઓના પ્રધાનાચાર્યશ્રીઓને જણાવવાનું કે, માર્ચ-2022માં લેવાનાર ધો.10 એસ.એસ.સી. પરીક્ષા માટે નોંધાયેલ માધ્યમિક શાળાના નિયમિત, રીપીટર, પૃથ્થક, ખાનગી તથા સંસ્કૃત પ્રથમાના નિયમિત/રીપીટર ઉમેદવારોનાં આવેદનપત્રો ફરજીયાત Online ભરવામાં આવે છે. જે અંગે આચાર્યશ્રીઓને સૂચિત કરવામાં આવે છે કે, Online ફોર્મ ભરતા પહેલાં તેની પૂર્વ તૈયારી રૂપે ખાસ સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.

ધો.10ના નિયમિત ફી સાથેના આવેદનપત્રો <u>તા:-22/11/2021 થી તા:-21/12/2021</u> દરમ્યાન **gseb.org** પરથી ફરજીયાત ઓનલાઇન માધ્યમે જ ભરવાના રહેશે. ઓનલાઇન આવેદનપત્ર ભરવા સંબધિત સૂચનાઓ બોર્ડની વેબસાઇટ પરથી ડાઉનલોડ કરી, અભ્યાસ કર્યા બાદ આવેદનપત્ર ભરવાની કામગીરી કરવાની રહેશે.

→ માર્ચ-2022માં ઉપસ્થિત થનાર તમામ ઉમેદવારોનાં અટક, નામ, પિતાનું નામ, જી.આર.નંબર, જન્મતારીખ, ઉમેદવારના વાલીની વાર્ષિક આવક, ઉમેદવારનો મોબાઇલ/લેન્ડલાઇન નંબર, ઉમેદવારનો ફોટો તથા સહી વગેરે તમામ વ્યક્તિગત વિગતો એકત્ર કરીને તૈયાર રાખવી. ઉપરોક્ત સઘળી વિગતની ખરાઇ વિદ્યાર્થીના વાલી પાસે કરાવી લેવી. જેથી ભવિષ્યમાં અટક, નામ, જન્મતારીખમાં સુધારો કરવાના પ્રશ્નો ટાળી શકાય. અંગ્રેજી નામના સ્પેલિંગની પણ પુરતી તકેદારી રાખીને ઉમેદવાર તથા તેના વાલીને બતાવીને રેકર્ડ પર રાખવા.

→ ઉમેદવારના આધાર કાર્ડની નકલ (ફરજીયાત નથી), ઉમેદવારના વાલી બી.પી.એલ કાર્ડ ધરાવતા હોય તો તેનો બી.પી.એલ. કાર્ડ નંબર સાથેની ઝેરોક્ષ નકલ મેળવી રાખવી. જે ઉમેદવારના વાલીનું E-mail ID હોય તો તે પણ મેળવી લેવાનો રહેશે.

→ ઉપસ્થિત થનાર તમામ ઉમેદવારોનો તાજેતરનો ફોટો અને 5 KB થી 20 KB તથા લંબાઇ 120 PIXEL અને પહોળાઇ 100 PIXEL ની સાઇઝમાં સ્કેન કરી કમ્પ્યૂટરમાં ફોલ્ડર બનાવી SAVE કરી રાખવા. જેથી આવેદનપત્ર ભરતી વખતે સરળતા રહે અને કોઇ ઉમેદવારનો ફોટો અપલોડ કરવાનો રહી જાય નહીં.

→ રીપિટર ઉમેદવારોની છેલ્લી તમામ પરીક્ષાની માર્કશીટની નકલ ઉમેદવાર પાસેથી મેળવી લેવી. આવેદનપત્ર ભરતી વખતે અપલોડ કરવાની હોય તે પણ સ્કેન કરી તૈયાર રાખવી. (જો કોઇ ઉમેદવાર એક થી વધુ વખત પરીક્ષામાં ઉપસ્થિત થયો હોય તો તેની તમામ ગુણપત્રકની નકલો મેળવી, સ્કેન કરવી અને છેલ્લા પાંચ ગુણપત્રકની વિગતો ઓનલાઈન ભરી છેલ્લે પ્રાપ્ત કરેલ ગુણપત્રકની નકલ અપલોડ કરવાની રહેશે.)

→ જે ઉમેદવારો 40% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા હોય તેઓના સક્ષમ મેડિકલ ઓફિસર દ્વારા ઇસ્યૂ કરેલ મેડિકલ સર્ટીફિકેટ મેળવી લેવા. તે સર્ટીફિકેટ પણ સ્કેન કરી કમ્પ્યુટરમાં ફોલ્ડરમાં તૈયાર કરી રાખવા.

→ ખાનગી ઉમેદવાર તરીકે ઉપસ્થિત થનાર ઉમેદવારોના શાળા છોડ્યાનો દાખલો, જન્મનો દાખલો અથવા ફર્સ્ટ ક્લાસ મેજિસ્ટ્રેટ સમક્ષ ઉંમર અંગેની ખરાઇનું સોગંદનામું, જે ઉમેદવારનું ડુપ્લીકેટ સર્ટીફિકેટ હશે તેનું સોગંદનામું હોવું જરૂરી છે. આ તમામમાંથી કોઇપણ એક ડોક્યુમેન્ટ સ્કેન કરી કમ્પ્યૂટરમાં ઓનલાઇન અપલોડ કરવાનું રહેશે.

→ વ્યકિતગત આવેદનપત્રો હિસાબે નિયમિત/રીપીટર/પૃથ્થક/ખાનગી ઉમેદવારની થતી કુલ ફી તથા અન્ય સંલગ્ન ફી સહિતનો હિસાબ તૈયાર કરી રાખવો.

→ માર્ચ-2022ની ધો.10 એસ.એસ.સી.ની ફી (ગત વર્ષ જેટલી જ) ના ધોરણ નીચે મુજબ છે.

| વિગત | રકમ રૂ. |
|---|---|
| ધો.10 નિયમિત | 355/- |
| ધો.10 રીપીટર (1 વિષય) | 130/- |
| ધો.10 રીપીટર (2 વિષય) | 185/- |
| ધો.10 રીપીટર (3 વિષય) | 240/- |
| ધો.10 ખાનગી/રેગ્યુલર | 730/- |

→ Online ફોર્મ ભરાઇ ગયા બાદ ફોર્મની હાર્ડ કોપીની નકલ શાળાના આચાર્યશ્રીએ પ્રમાણિત કરી ફરજીયાત જાળવી રાખવાની રહેશે. જ્યારે વિષય/નામ/જન્મતારીખ સુધારા બાબતે બોર્ડમાં રજૂઆત આવે ત્યારે બોર્ડ માંગે તો રજૂ કરવાની રહેશે.

આચાર્યશ્રીએ વર્ગશિક્ષકને સાથે રાખીને આ કામગીરી કરવાની રહેશે.

નોંધ:- માર્ચ-2020 અને વર્ષ-2021ની પરીક્ષાના Online આવેદનપત્ર ભરવામાં કેટલીક શાળાઓ દ્વારા અટક, ઉમેદવારનું નામ, પિતાનું નામ, જન્મતારીખમાં ઘણી ભૂલો જોવા મળેલ છે. જે ભૂલો માર્ચ-2022ની પરીક્ષાના આવેદનપત્રો ભરતાં ન થાય તેની ખાસ કાળજી રાખવા આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે તથા Online ભરેલ આવેદનપત્રની નકલ ઉમેદવારને આપી તે નકલમાં વાલી, ઉમેદવાર, વર્ગશિક્ષક, આચાર્યશ્રીએ સહી કરાવી શાળાના રેકર્ડ પર રાખવી. જ્યારે બોર્ડ ખાતે કોઇ રજૂઆત કરવામાં આવે ત્યારે આ નકલ અચૂક રજૂ કરવી.

શાળાનો G.R. English/Gujarati માં બે ભાષામાં લખવાનો હોય છે. G.R. મુજબ જ ઉમેદવારનું પૂરું નામ અને જન્મતારીખ ઓનલાઇન આવેદનપત્ર ભરતાં જણાવવાની છે.

**ખાસ નોંધ:-**

1. ધો.10ના માર્ચ-2022ના તમામ ઉમેદવારો માટે નવા અભ્યાસક્રમના જ પ્રશ્નપત્રો રહેશે.
2. ધો.10ના નિયમિત ઉમેદવારો માટે પ્રશ્નપત્રો 80 ગુણના રહેશે અને 20 ગુણ શાળા કક્ષાએ આંતરિક મૂલ્યાંકનના રહેશે.
3. ધો.10ના માર્ચ-2022ની પરીક્ષામાં ઉપસ્થિત રહેનાર તમામ રીપિટર, ખાનગી અને પૃથ્થક ઉમેદવારો માટે નવા અભ્યાસક્રમના જ પ્રશ્નપત્રો રહેશે. તમામ પ્રશ્નપત્રો નિયમિત ઉમેદવારની જેમ 80 ગુણના રહેશે. પરિણામ તૈયાર કરતી વખતે 100 ગુણમાં પરિવર્તીત કરવામાં આવશે અને પરિણામ આપવામાં આવશે.
4. માર્ચ-2022 થી ધો.10માં આવેદનપત્રો ભરતાં તમામ પ્રકારના વિદ્યાર્થીઓને ગણિત વિષયમાં બેઝિક / સ્ટાન્ડર્ડ ની પસંદગી ઓનલાઇન જ આપવાની રહેશે જે બાબતે પ્રિન્સીપલ એપ્રુવલ આપતા પહેલાં

વિદ્યાર્થી અને વાલીના ધ્યાને આ બાબત લાવવાની રહેશે. આવેદનપત્રમાં વિષયની સામે વિદ્યાર્થી / વાલીની સહી મેળવી લેવાની રહેશે.

**નિયમિત ઉમેદવાર બાબતે ધ્યાને રાખવાની સૂચનાઓ:-**

1. ધો.10ના માર્ચ-2022ના તમામ નિયમિત ઉમેદવારો માટે નવા અભ્યાસક્રમના જ પ્રશ્નપત્રો રહેશે. તમામ પ્રશ્નપત્રો 80 ગુણના રહેશે અને 20 ગુણ શાળા કક્ષાએ આંતરિક મૂલ્યાંકનના રહેશે.
2. માર્ચ-2020થી ધો.10ની એસ.એસ.સી. પરીક્ષામાં નિયમિત વિદ્યાર્થીઓ 80+20 ની પદ્ધતિથી પરીક્ષા યોજવામાં આવેલ જેમાં જે-તે વર્ષના નિયમિત વિદ્યાર્થીઓ 80 માંથી 26 અને 20 માંથી 07 ગુણ એમ, 33 ગુણ મેળવેલ વિદ્યાર્થીઓ જે-તે વિષયમાં ઉત્તીર્ણ ગણાય. તે જ વર્ષના નિયમિત દિવ્યાંગ વિદ્યાર્થીઓને 20% ગુણ લેખે 80 માંથી 16 અને 20 માંથી 04 આમ, 20 ગુણ મેળવનાર જે-તે વિષયમાં ઉતીર્ણ ગણાય.
3. માર્ચ-2022 થી ધો.10માં ગણિત વિષયમાં બેઝિક / સ્ટાન્ડર્ડ ગણિતની પસંદગી ઓનલાઇન જ આપવાની રહેશે. જે બાબતે પ્રિન્સીપલ એપ્રુવલ આપતા પહેલાં વિદ્યાર્થી અને વાલીના ધ્યાને આ બાબત લાવવાની રહેશે.
4. ઓનલાઇન આવેદનપત્રો ભરતાં વિષયો દર્શાવવામાં ખાસ ધ્યાન રાખવાનું રહેશે. ઉદા. તરીકે હિન્દી અને સંસ્કૃતના વિષયની ઓનલાઇન પસંદગી કરતાં ભુલ થતી જણાય છે.
5. ઓનલાઇન આવેદનપત્રની એક નકલ વિદ્યાર્થી / વાલીને ચકાસણી માટે આપવી. જેમાં નામ, અટક, જન્મતારીખ, વિષયો જેવી વિગતો ચકાસી ખાત્રી કરી લેવી.
6. નિયમિત ઉમેદવાર તરીકે આવેદપત્ર દાખલ કરનાર ઉમેદવારે શાળા કક્ષાના વિષયની સૈદ્ધાંતિક અને પ્રાયોગિક પરીક્ષા શાળા કક્ષાએ જ બોર્ડના શૈક્ષણિક કેલેન્ડર મુજબ આપવાની રહેશે. જેના ગુણ બોર્ડની સૂચના મુજબ ઓનલાઇન કરવાના રહેશે. પરિણામમાં આ વિષયના ગુણને આધારે ગ્રેડ દર્શાવવામાં આવે છે.

**રીપિટર ઉમેદવાર બાબતે ધ્યાને રાખવાની સૂચનાઓ:-**

1. ધો.10ના માર્ચ-2022ની પરીક્ષામાં ઉપસ્થિત રહેનાર તમામ રીપિટર ઉમેદવારો માટે નવા અભ્યાસક્રમના જ પ્રશ્નપત્રો રહેશે. તમામ પ્રશ્નપત્રો નિયમિત ઉમેદવારની જેમ 80 ગુણના રહેશે. પરિણામ તૈયાર કરતી વખતે 100 ગુણમાં પરિવર્તીત કરવામાં આવશે અને પરિણામ આપવામાં આવશે.
2. માર્ચ-2018થી પરીક્ષામાં પ્રથમ વખત ઉપસ્થિત રહેનાર નિયમિત ઉમેદવારોને SID નંબર ફાળવવામાં આવેલ છે. જે વિદ્યાર્થીના ગુણપત્રક અને શાળા રેકર્ડ પર હશે જેનો ઉપયોગ ઓનલાઇન આવેદનપત્ર ભરતાં કરવાનો છે.
3. માર્ચ-2018 પહેલાનાં નિયમિત ઉમેદવારોને SID નંબર ફાળવવામાં આવેલ ન હતા ત્યારે 2018 અને તે પહેલાંના વિદ્યાર્થીઓ સર્વગ્રાહી મૂલ્યાંકન પદ્ધતિ અન્વયે અમલમાં રહેલ પરીક્ષા પદ્ધતિ મુજબ ગુણાંકન થયેલ હશે જેમાં નીચેની બાબતો ખાસ ધ્યાને લેવાની રહેશે.

   3.1 માર્ચ-2013થી માર્ચ-2019 સુધીના નિયમિત ઉમેદવારોને 70+30 ની પરીક્ષા પદ્ધતિ અમલમાં હતી. જેમાં વિદ્યાર્થીએ જે-તે વિષયમાં 70 માંથી 23 અને 30 માંથી 10 આમ, 33 ગુણ મેળવનાર વિદ્યાર્થી જે-તે વિષયમાં મુક્તિને પાત્ર ગણાય. તે જ વર્ષના નિયમિત દિવ્યાંગ વિદ્યાર્થીઓને 20% ગુણ લેખે 70 માંથી 14 અને 30 માંથી 06 આમ, 20 ગુણ મેળવનાર જે-તે વિષયમાં મુક્તિને પાત્ર રહે છે. ઓનલાઇન આવેદનપત્ર ભરતાં ઉમેદવારના ગુણપત્રકની નકલ મેળવી ચકાસી લેવાનું રહેશે જેથી ઓનલાઇન આવેદનપત્ર ભરતાં ખોટી વિષય મુક્તિથી બચી શકાય.

3.2 માર્ચ-2020થી ધો.10ની એસ.એસ.સી. પરીક્ષામાં નિયમિત વિદ્યાર્થીઓ 80+20 ના પદ્ધતિથી પરીક્ષા યોજવામાં આવેલ જેમાં જે-તે વર્ષના નિયમિત વિદ્યાર્થીઓ 80 માંથી 26 અને 20 માંથી 07 ગુણ એમ, 33 ગુણ મેળવેલ વિદ્યાર્થીઓ જે-તે વિષયમાં મુક્તિને પાત્ર ગણાશે. તે જ વર્ષના નિયમિત દિવ્યાંગ વિદ્યાર્થીઓને 20% ગુણ લેખે 80 માંથી 16 અને 20 માંથી 04 આમ, 20 ગુણ મેળવનાર જે-તે વિષયમાં મુક્તિને પાત્ર રહે છે. ઓનલાઇન આવેદનપત્ર ભરતાં ઉમેદવારના ગુણપત્રકની નકલ મેળવી ચકાસી લેવાનું રહેશે જેથી ઓનલાઇન આવેદનપત્ર ભરતાં ખોટી વિષય મુક્તિથી બચી શકાય.

3.3 માર્ચ-2013 થી માર્ચ-2020ની ધો.10ની પરીક્ષામાં નિયમિત ઉમેદવાર તરીકે અનુત્તીર્ણ અને ત્યારબાદ ક્રમશઃ રીપિટર તરીકે આવેદનપત્ર ભરી પરીક્ષામાં ઉપસ્થિત રહ્યાં હોય તે તમામ તકોના પરિણામમાં 100 ગુણમાંથી 33 ગુણ મેળવનાર ઉમેદવાર જે-તે વિષયમાં મુક્તિને પાત્ર રહે છે.

4. રીપિટર ઉમેદવાર તરીકે ઉમેદવારે જે શાળામાંથી નિયમિત વિદ્યાર્થી તરીકે આવેદનપત્ર ભરેલ હોય તે જ શાળામાંથી જ આવેદનપત્ર ભરવાનુ રહેશે. જો અગાઉની શાળા બંધ થયેલ હોય તો જિલ્લાશિક્ષણાધિકારીશ્રીએ તે શાળાનું રેકર્ડ જે શાળાને સુપ્રત કરેલ હોય તે શાળામાંથી રીપિટર ઉમેદવાર તરીકે આવેદનપત્ર ભરવાનું રહેશે.

5. માર્ચ-2022 થી ધો.10માં રીપિટર ઉમેદવાર તરીકે આવેદનપત્ર ભરતી વખતે ગણિત વિષયમાં બેઝિક / સ્ટાન્ડર્ડ ગણિતની પસંદગી ઓનલાઇન જ આપવાની રહેશે. જે બાબતે પ્રિન્સીપલ એપ્રુવલ આપતા પહેલાં વિદ્યાર્થી અને વાલીના ધ્યાને આ બાબત લાવવાની રહેશે. આવેદનપત્રમાં વિષયની સામે વિદ્યાર્થી / વાલીની સહી મેળવી લેવાની રહેશે.

## પૃથ્થક ઉમેદવાર બાબતે ધ્યાને રાખવાની સૂચનાઓ:-

1. જો કોઇ ઉમેદવાર પૃથ્થક ઉમેદવાર તરીકે બોર્ડની જાહેર પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માંગતો હોય તો અગાઉ તેણે પાસ કરેલા વિષયો સિવાયના બોર્ડે નક્કી કરેલ વિષય માળખા મુજબ વધુમાં વધુ ત્રણ વિષયની પરીક્ષા આપી શકશે. આવા ઉમેદવાર તેણે પરીક્ષામાં રાખેલ પૃથ્થક વિષયમાં મેળવેલ ગુણોનું પ્રમાણિત ગુણપત્રક આપવામાં આવશે. (આ ગુણપત્રકમાં ટકા અને ગ્રેડ દર્શાવવામાં આવશે નહીં અને પરિણામ પત્રકના પરિણામની કોલમમાં NI કે EQC એવું દર્શાવવામાં આવતું નથી.)
2. પૃથ્થક ઉમેદવારોની પરીક્ષા નિયમિત વિદ્યાર્થીઓની જેમ પ્રશ્નપત્ર 80 ગુણનું રહેશે. પરિણામ તૈયાર કરતાં ઉમેદવારે મેળવેલ ગુણને 100 ગુણમાં પરિવર્તિત કરી પરિણામ આપવામાં આવશે.
3. પૃથ્થક ઉમેદવાર શાળા કક્ષાના વિષય લઇ પરીક્ષાનું આવેદનપત્ર ભરેલ હોય તો તે પરીક્ષા શાળા કક્ષાએ જ આપવાની છે. બોર્ડમાં શૈક્ષણિક કેલેન્ડર મુજબ શાળા દ્વારા શાળા કક્ષાના વિષયની સૈદ્ધાંતિક અને પ્રાયોગિક પરીક્ષા શાળા દ્વારા લેવામાં આવે છે તે શાળાએ ઉમેદવારોને સમય, તારીખ જણાવવાનું રહેશે. પરીક્ષા બાદ બોર્ડની સૂચના મુજબ ગુણાંકન ઓનલાઇન પોર્ટલ પર અપલોડ કરવાનું છે. તે વિષયમાં મેળવેલ ગુણને આધારે ગુણપત્રકમાં ગ્રેડ દર્શાવવામાં આવે છે.

## ખાનગી ઉમેદવાર બાબતે ધ્યાને રાખવાની સૂચનાઓ:-

1. ધો.10ના માર્ચ-2022ના તમામ ખાનગી / ખાનગી રીપિટર ઉમેદવારો માટે નવા અભ્યાસક્રમના જ પ્રશ્નપત્રો રહેશે. તમામ પ્રશ્નપત્રો નિયમિત ઉમેદવારની જેમ 80 ગુણના રહેશે. પરિણામ તૈયાર કરતી વખતે મેળવેલ ગુણને 100 ગુણમાં પરિવર્તીત કરી પરિણામ આપવામાં આવશે.
2. માર્ચ-2022 થી ધો.10માં ખાનગી ઉમેદવાર તરીકે આવેદનપત્ર ભરતી વખતે ગણિત વિષયમાં બેઝિક / સ્ટાન્ડર્ડ ગણિતની પસંદગી ઓનલાઇન જ આપવાની રહેશે. જે બાબતે પ્રિન્સીપલ એપ્રુવલ આપતા પહેલાં વિદ્યાર્થી અને વાલીના ધ્યાને આ બાબત લાવવાની રહેશે. આવેદનપત્રમાં વિષયની સામે વિદ્યાર્થી / વાલીની સહી મેળવી લેવાની રહેશે.

3. ઓનલાઇન આવેદનપત્રો ભરતાં વિષયો દર્શાવવામાં ખાસ ધ્યાન રાખવાનું રહેશે. ઉદા. તરીકે હિન્દી અને સંસ્કૃતના વિષયની ઓનલાઇન પસંદગી કરતાં ભુલ થતી જણાય છે.

4. ખાનગી ઉમેદવાર તરીકે આવેદનપત્ર ભરનાર વ્યકિતના જન્મતારીખ અને અગાઉના છેલ્લા અભ્યાસના દસ્તાવેજો તથા ઉમેદવારે કયા માધ્યમમાં પરીક્ષામાં ઉપસ્થિત થવાનું છે તે શાળાના જવાબદાર આચાર્યએ અગાઉથી ચકાસી લઇ આવેદનપત્ર ભરવાની કાર્યવાહી કરવાની રહેશે.

5. ખાનગી નિયમિત તરીકે આવેદનપત્ર દાખલ કરનાર ઉમેદવારે શાળા કક્ષાના વિષયની સૈદ્ધાંતિક અને પ્રાયોગિક પરીક્ષા શાળા કક્ષાએ જ બોર્ડના શૈક્ષણિક કેલેન્ડર મુજબ આપવાની રહેશે. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવારે મેળવેલ ગુણ બોર્ડની સૂચના મુજબ શાળાએ ઓનલાઇન કરવાના રહેશે.

6. ખાનગી ઉમેદવારની બેઠક વ્યવસ્થા જિલ્લા કક્ષાએ કરવામાં આવતી હોય છે. જેની આપની કક્ષાએથી ઉમેદવારોને જાણ કરવાની રહેશે.

7. ખાનગી ઉમેદવાર તરીકે ધો.10ની પરીક્ષામાં ઉપસ્થિત થવા નિવાસની નજીકની બોર્ડની નોંધાયેલ માધ્યમિક શાળામાંથી આવેદનપત્ર ભરી શકાય. આ માટે રહેઠાણનાં જરૂરી પુરાવાઓ, પાત્રતાના જરૂરી પુરાવાઓ, શાળાના આચાર્યશ્રીએ ખરાઇ કરી આવેદનપત્ર ભરવાનું રહેશે.

8. ખાનગી રીપિટર ઉમેદવાર તરીકે ઉમેદવારે જે શાળામાંથી ખાનગી નિયમિત વિદ્યાર્થી તરીકે આવેદનપત્ર ભરેલ હોય તે જ શાળામાંથી જ આવેદનપત્ર ભરવાનું રહેશે. જો અગાઉની શાળા બંધ થયેલ હોય તો જિલ્લાશિક્ષણાધિકારીશ્રીએ તે શાળાનું રેકર્ડ જે શાળાને સુપ્રત કરેલ હોય તે શાળામાંથી રીપિટર ઉમેદવાર તરીકે આવેદનપત્ર ભરવાનું રહેશે.

**નોંધ:-**

1. બોર્ડ દ્વારા પરીક્ષાનો કાર્યક્રમ જ્યારે જાહેર થાય ત્યારે શાળાના આચાર્યશ્રીએ શાળા નોટીસ બોર્ડ પર મૂકવાનો રહેશે. જેથી તમામ વિદ્યાર્થીઓ જોઇ શકે. રીપિટર, ખાનગી વિદ્યાર્થીઓને જાણ થાય તેવો પ્રયત્ન કરવાનો રહેશે.

2. પરીક્ષાની હોલટિકિટ પણ ઓનલાઇન આપવામાં આવે છે. આથી તમામ આચાર્યશ્રીને તે બાબતે બોર્ડની સૂચનાઓ સમાંતરે જાણકારી રાખવી.

3. માર્ચ-2022ની પરીક્ષા માટે ઉમેદવારની ફી-રસીદ (Hall Ticket) મળ્યા બાદ તે ફી-રસીદ (Hall Ticket)ની નકલ G.R. સાથે અચૂક ચકાસણી કર્યા બાદ ઉમેદવારને આપવી.

4. ઓનલાઇન આવેદનપત્ર ભરતાં પોર્ટલ ઉપર મૂકેલ સૂચનાઓ ધ્યાને લેવા વિનંતી.

(ડો બી એ ચૌધરી)
પરીક્ષા સચિવ
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર

ક્ર.નં. મા.શ/૨૦૨૨/૧૫૬૦૩

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
સુરત, જિ. સુરત
તા. ૭/૧૧/૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ માધ્યમિક અને ઉ.મા. શાળાઓ
સુરત, જિ. સુરત

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત જિલ્લો સુરત.